# સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ

ગુજરાત સરકાર

ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પૂ.મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ તા.૨/૧૦/૨૦૧૪ (બીજી ઓક્ટોબર) થી સમગ્ર દેશમાં સાર્વત્રિક સ્વચ્છતાને અનુલક્ષી **સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)** યોજનાનો શુભારંભ કરાવવામાં આવેલ છે. પૂ. બાપુની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી નિમિતે વર્ષ ૨૦૧૯માં તેઓને સાચી શ્રદ્ધાંજલિ સ્વરૂપે સમગ્ર દેશને ખુલ્લામાં શૌચમુક્ત કરવાનું લક્ષ્ય છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારમાં ખુલ્લામાં થતી શૌચક્રિયા સદંતર બંધ થાય અને ગામડાં ઓ.ડી.એફ.- "ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત" બને તે છે. ગ્રામ્ય વિસ્તારમાં ખુલ્લામાં થતી શૌચક્રિયા અને સ્વચ્છતાનો અભાવ ભયંકર રોગચાળાને આમંત્રણ આપે છે. જેનો ભોગ સમગ્ર ગ્રામજનો બને છે. આ માટે સૌ પ્રથમ ખુલ્લામાં થતી શૌચક્રિયાને અટકાવવી અનિવાર્ય છે.

ખુલ્લામાં મળત્યાગથી જીવાણુઓ ખોરાક/પાણીમાં ભળી રોગચાળો ફેલાવે છે. લોકો બીમાર પડવાથી કામ પર જઈ શકતા નથી, જેનાથી આવક બંધ થઈ જાય છે. જ્યારે બાળકોમાં બીમારી આવવાથી નિશાળે જઈ શકતાં નથી જેના પરિણામે અભ્યાસ બગડે છે. ઉપરાંત ખુલ્લામાં શૌચ માટે જવાથી બહેન/દીકરી શરમ-સંકોચ અને અસલામતી અનુભવે છે.

જો ઘરમાં વ્યક્તિગત શૌચાલય હોય તો માનવમળનો સલામત નિકાલ થાય, દૂર ચાલીને ન જવું પડે તેમજ તડકામાં, વરસાદમાં, શિયાળાની ઠંડીમાં હેરાન ન થવું પડે વધુમાં ઘરનાં બાળકો, વૃદ્ધ, અપંગ તથા માંદા માણસોને સરળતા રહે તેમજ મહિલાઓ, દીકરીઓ અને સગર્ભા બહેનો માટે આશીર્વાદ સમાન નીવડે જેથી તેમની ગરિમા અને આબરૂ જળવાઈ રહે તથા માખી મચ્છરથી ફેલાતા રોગોથી બચી શકાય.

મારી આપશ્રીને નમ્ર અપીલ છે કે આપના ઘરે ખૂબ ઝડપથી શૌચાલય બનાવો અને ઘરના બધા જ સભ્યો તેનો દરરોજ જરૂરત સમયે અચૂક ઉપયોગ કરે. કુટુંબની કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પરિસ્થિતિમાં ખેતરમાં, રસ્તામાં, જંગલમાં, ઝાડી/ઝાડની નીચે, તળાવ/નદી કિનારે કે શેરીઓમાં ખુલ્લામાં શૌચક્રિયા ન કરે તેના માટે સંકલ્પ કરવા પણ નમ્ર અપીલ કરું છું.

આ ભગીરથ કાર્ય પૂર્ણ કરવામાં આપના ઘરે શૌચાલય બનાવી તેનો ઉપયોગ ઘરના બધા સભ્યો કરી આપના, આપના પરિવારના તથા ગામ સમસ્તના વધારે સારા આરોગ્યપ્રદ વાતાવરણના નિર્માણમાં આપનો સંપૂર્ણ સહકાર મળી રહેશે તેવો મને વિશ્વાસ છે.

હું આપ સૌની સાથે છું.... જય જય ગરવી ગુજરાત

પ્રતિ,
શ્રીમાન/શ્રીમતી ................................
ગામ ..................તા.......................
જિલ્લો .......................................

સૌનો,

વિજય રૂપાણી
માન.મુખ્યમંત્રી, ગુજરાત રાજય

